પોલીસ કમિશ્નરની કચેરી,
વિશેષ શાખા, પોલીસ ભવન, જેલ રોડ,
વડોદરા શહેર. ૩૯૦૦૦૧
ટેલીફોન નં.૦૨૬૫-૨૪૨૩૯૫૦, કંટ્રોલ રૂમ ફેક્સ નં.૦૨૬૫-૨૪૩૨૫૮૮,
E-mail ID : cp-spl-vad@gujarat.gov.in

ક્રમાંક:જી/સીપી/વિ.શા./ગ્રા.પ./જાહેરનામું/ ૪૯૫૮ /૨૦૨૧

તા. ૨૩/૧૧/૨૦૨૧

વંચાણે લીધુ :-

૧. રાજય ચૂંટણી આયોગના આદેશ ક્ર.રાચપ-ગટણ-ચીઓસી-સ્થા.સ્વ-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા.૧૭/૧૧/૨૦૨૧ થી બહાર પાડેલ આદર્શ આચાર સંહિતા

૨. રાજય ચૂંટણી આયોગના પરિપત્ર ક્ર.ઈએલસી-સી.ઓ.સી.-૩(૭)-૧૧૨૦૨૧-ક, તા.૨૨/૧૧/૨૦૨૧

## ક્રિમિનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ ની કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અન્વયે કાઢેલો હુકમ

// હુકમ //

ગુજરાત રાજય ચૂંટણી આયોગ ધ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી-૨૦૨૧નો કાર્યક્રમ જાહેર કરેલ છે. અને તે મુજબ વડોદરા જિલ્લામાં મતદાનની તા.૧૯/૧૨/૨૦૨૧ (રવિવાર) સવારના ૦૭:૦૦ વાગયાથી સાંજના ૦૬:૦૦ વાગ્યા સુધી તેમજ મતગણતરીની તા.૨૧/૧૨/૨૦૨૧ નકકી કરવામાં આવેલ છે.

ગુજરાત રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં સંદર્ભ-૧ ના આદેશથી મુકત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજવા અંગે આદર્શ આચાર સંહિતા બહાર પાડી તેનું કડકપણે પાલન કરવાની સુચના આપવામાં આવેલ છે. જેનો તમામ રાજકીય પક્ષો અને ચૂંટણી લડતા ઉમેદવારોએ તથા તેમના કાર્યકરોએ ચુસ્તપણે અમલ કરવાનો રહે છે. પોલીસ કમિશ્નર વડોદરા શહેર કાર્યક્ષેત્ર વિસ્તારમાં યોજાનારં ગ્રામ પંચાયતની ચૂંટણી -૨૦૨૧ દરમ્યાન ચૂંટણી પ્રચાર કે અન્ય હેતુથી રાજકીય પક્ષો, ઉમેદવારો તથા લોકોના વાહનો જાહેર રસ્તા ઉપર મોટી સંખ્યામાં એક જ સાથે ફરે તો લોકોમાં ભય પેદા થઈ શકે અને ટ્રાફીકને અડચણ ઉભી થતી હોય છે. જેનાથી જાહેર રસ્તાઓ ઉપર જતા સર્વે પ્રકારના વાહનો/ ગાડીઓ તથા સવાર થઈને જનારા અથવા ગાડીમાં જનારા અથવા સાયકલ ઉપર જનારાઓને અગવડ ઉભી થવા સંભવ છે. તેમજ જાહેર સુલેહ શાંતિ જોખમાય તેમ હોય જેથી આ માટે જાહેર હિતમાં જરૂરી નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

જેથી હું ડો.શમશેરસિંઘ IPS, પોલીસ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા, ક્રિમિનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ ની કલમ-૧૪૪ તથા ધી ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ ૩૩(૧)(બી) થી મળેલ સત્તાની રૂઈએ પોલીસ કમિશ્નર વડોદરા શહેર કાર્યક્ષેત્ર વિસ્તારમાં આવેલ વડોદરા તાલુકાના સયાજીપુરા,અનગઢ, ધનોરા, બાજવા, ખલીપુર, મારેઠા, કોટણા, નંદેસરી, તલસટ, સાંકરદા, દામાપુરા ગામોની ગ્રામ પંચાયતની ચૂંટણી હેઠળના વિસ્તારો માટે તા.૨૧/૧૨/૨૦૨૧ સુધી હુકમ કરૂ છું કે,

(૧) કોઈપણ રાજકીય પક્ષો, હરીફ ઉમેદવારો કે તેમના ટેકેદારો ચૂંટણીના કામે ત્રણથી વધુ વાહનો કાફલામાં લઈ જઈ શકશે નહી.

(૨) અલગ કરાયેલા વાહનોના કાફલા વચ્ચેનું અંતર ઓછામાં ઓછું ૨૦૦ મીટર હોવું જોઈએ.

(૩) ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૨ માં વાહનની વ્યાખ્યા કર્યા મુજબના વાહનોને ઉપરોકત પ્રતિબંધ લાગુ પડશે.

**આ હુકમો નીચેના વાહનોને લાગુ પડશે નહી.**

(૧) ચૂંટણીના કામે જતા સરકારી વાહનોને, સક્ષમ અધિકારી ધ્વારા ચૂંટણીના કામે સંપાદન કરેલા વાહનોને, પોલીસ વાહનોને.

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનારને ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ ૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

કોવિડ-૧૯ અન્વયે ગૃહ મંત્રાલય તથા ગૃહ વિભાગ તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય તથા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલ તથા બહાર પાડવામાં આવનાર વખતો- વખતની ગાઈડ લાઈનનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

સદરહું હુકમ પોલીસ કમિશ્નર વડોદરા શહેર વિસ્તારમાં યોજાનાર ગ્રામ પંચાયતની ચૂંટણી હેઠળના મત વિસ્તારમાં લાગુ પડશે.

આજ તા. ૨૩ /૧૧/૨૦૨૧ ના રોજ સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

(ડૉ. શમશેર સિંઘ)
પોલીસ કમિશ્નર
વડોદરા શહેર

પ્રતિ,

(૧) વડોદરા શહેર તમામ પો.સ્ટે. ઈન્ચાર્જશ્રીઓ (નકલો ચોંટાડી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)

(૨) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ

(૩) વડોદરા શહેર કંટ્રોલરૂમ ઈન્ચાર્જશ્રી પોલીસ જાણ તથા વર્તમાનપત્રો દ્વારા પ્રસિધ્ધી કરાવવા સારૂ

(૪) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ.

<u>સવિનય નકલ રવાના</u> :-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા.ગાંધીનગર.

(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી, (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.

(૪) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર, રાજકોટ શહેર, સુરત શહેર.

(૫) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદરા.

(૬) જીલ્લા ચુંટણી અધિકારી અને કલેકટશ્રી, વડોદરા શહેર, વડોદરા.

(૭) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, સોલારોડ, અમદાવાદ.

(૮) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા.

(૯) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ કોર્ટ, વડોદરા.

(૧૦) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશીયલ મેજી.કોર્ટ, વડોદરા.

(૧૧)કમિશ્નરશ્રી, માહિતી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૨) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા.

(૧૩) કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા.

(૧૪) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.

(૧૫) પોલીસ અધિક્ષકશ્રી, રેલ્વે વડોદરા તથા પોલીસ ઈન્સ્પેકટરશ્રી, વડોદરા રેલ્વે પો.સ્ટે., વડોદરા.

(૧૬) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.

(૧૭) મેનેજરશ્રી,સરકારી પ્રેસ,વડોદરા (ગેઝેટ ભાગ-૧માં પ્રસિધ્ધ કરી તેની ૨૫ નકલો અત્રે મોકલી આપવા સારૂ)

(૧૮) આસી. કમિશ્નરશ્રી, (ઈન્ટે.), વડોદરા રીજીયન, વડોદરા.

(૧૯) મામલતદાર અને એકજીકયુટીવ મેજીશ્રી, વડોદરા શહેર, વડોદરા.

(૨૦) મામલતદાર અને એકજીકયુટીવ મેજીશ્રી, વડોદરા તાલુકા, વડોદરા.

(૨૧) સંયુકત માહિતી નિયામકશ્રી, કોઠી કચેરી, વડોદરા.

(૨૨) ચુંટણી આચરસહિંતા અમલીકરણ અધિકારીશ્રી તથા નોડલ અધિકારીશ્રીઓ.

૨/- સ્થાનિક વર્તમાનપત્રોમાં તથા ચેનલોમાં વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા વિનંતી સહ.